ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૧૨-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

ભારતની ગરિમાના પ્રશ્ને સમાધાન હોઈ જ ન શકે

થોડા દિવસો અગાઉ ભારતીય રાજનયિક (ડિપ્લોમેટ) સુશ્રી દેવયાની ખોબ્રાગડે સાથે અમેરિકામાં જે દુર્વ્યહાર થયો તે કોઈપણ ભારતીય નાગરિક માટે એના સ્વમાન ઉપર થયેલા ઘા સમાન હતો. દેવયાનીને જાહેરમાં કોઈ રીઢા ગુનેગારની જેમ હાથકડી પહેરાવી દેવાઈ હતી. એનો વાંક હોય તો એટલો કે એણે એની કામવાળીના વિઝા માટેની માહિતી આપેલી તે અમેરિકન સરકારને સત્યથી વેગળી લાગી હતી. માની લો કે એ માહિતી ભૂલભરેલી હોય તો પણ એમાં દેવયાની ખોબ્રાગડેને કઈ રીતે ગુનેગાર માની શકાય? એમની કામવાળીએ જે માહિતી રજૂ કરી હોય એથી વધારે અમેરિકા બેઠાં બેઠાં એ ઉચ્ચ અધિકારી શું જાણતાં હોય? તેથી દેવયાનીના પિતાની એ દલીલ સાથે સહમત થવાનું મન થાય કે કદાચ અમેરિકન સરકારે પગલાં લેવા હોય તો એ બાઈ સામે લેવાં જોઈતાં હતાં. આ તો પાડાના વાંકે પખાલીને ડામ જેવી ઘટના કહેવાય. પરંતુ અમેરિકા જેનું નામ. એને વળી કોઈ નીતિ-નિયમ થોડા નડે છે? વિશ્વ સત્તાના મદમાં એ દુનિયાના બીજા દેશોને તો મગતરાં જ સમજે છે. એની તુમાખીનો અનુભવ અવારનવાર દુનિયાની વિવિધ પ્રજાઓને થતો રહ્યો છે. અમેરિકાની જોહુકમી વિવિધ સ્વરૂપે જોવા મળે છે. ક્યારેક એ આરબ દેશો અને ઈઝરાયલ વચ્ચે ન્યાય તોળવા બેસી જાય છે, ક્યારેક રાસાયણિક શસ્ત્રોના નામે કે અણુશસ્ત્રોની દહેશતથી એ ઓછાં શક્તિશાળી રાષ્ટ્રોને પરેશાન કરી મૂકે છે. નાણાંકોથળી લઈને બેઠું હોઈ ગરીબ દુનિયા એની આ જોહુકમી ચૂપચાપ સહન પણ કરી લે છે. ભાગ્યે જ કોઈ અમેરિકાને અમેરિકાની ભાષામાં જવાબ આપવાની હિંમત કરે છે. આવા સંજોગોમાં દેવયાનીની સાથે થયેલા અપમાનજનક વ્યવહારની ભારત સરકારે ગંભીરતા પૂર્વક નોંધ લીધી છે તે ઘણી જ આવકારદાયક અને એક રીતે સીમાચિહ્ન રૂપ ઘટના છે. આ મુદ્દે અમેરિકન રાજદૂત સમક્ષ ભારત સરકારે વિરોધ નોંધાવ્યો હતો, એ તો એક ચીલાચાલુ કર્મકાંડ હતો. પરંતુ અમેરિકન સાંસદોના પ્રતિનિધિ મંડળને મુલાકાત નહીં આપવાનો નિર્ણય કરીને ભારતીય નેતાઓએ અમેરિકાને એની હૈસિયત બતાવી દીધી તેની વ્યાપક સ્તરે નોંધ લેવાશે એમાં શંકાને સ્થાન નથી. આ પ્રતિનિધિ મંડળને લોકસભાનાં સ્પીકર ડો. મીરા કુમારે મુલાકાત આપવાનો ઇરાર ઈનકાર કરી દીધો હતો. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનને પણ એમને મળવાની ના પાડી દીધી હતી. વરિષ્ઠ રાજનેતાઓ પૈકી કૉંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી, કેન્દ્ર સરકારના ગૃહમંત્રી સુશીલ શિંદે અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ એમને મળવાનો ઈનકાર કરતાં અમેરિકાને હવે મોડે મોડે પણ સમજાવું જોઈએ કે ભારત એ પાકિસ્તાનની જેમ બારેમાસ ભીખનું શકોરું લઈ અમેરિકા સામે ટીકી રહેનારો દેશ નથી. ભારત હવે વિશ્વની એક મહાસત્તા તરીકે ઊપસી રહેલું રાષ્ટ્ર છે અને અમેરિકા પોતાને શ્રેષ્ઠ લોકશાહી ગણતું હોય તો એની સામે ભારત દુનિયાની સૌથી મોટી લોકશાહી છે, તે એણે ન જ ભૂલવું જોઈએ. ભારતીય નેતાઓ, રાજનયિકો અને નાગરિકોને અમેરિકા એની આદત મુજબ અણઘડ કે ઊતરતી કક્ષાના ગણતું હોય તો તે ભીંત ભૂલે છે. ગુજરાતના મુખ્યમંત્રીને વિઝા નહીં આપવાનો અમેરિકાનો તુમાખી ભર્યો નિર્ણય તે કેવળ નરેન્દ્ર મોદીનું અંગત અપમાન નથી, એ સમગ્ર દેશનું અપમાન ગણાવું જોઈતું હતું, કારણ કે એમની સામે ગમે તેવા ગંભીર આક્ષેપો થયા હોય તો પણ તેઓ ગુજરાતની પ્રજાના ચૂંટાયેલા મુખ્યમંત્રી છે. અમેરિકાના આ પગલા સામે કેન્દ્રની યુપીએ સરકારે કેવળ નોંધવવા પૂરતો જ વિરોધ નોંધાવી ચૂપ રહેવાનું પસંદ કર્યું, તે આપણા રાજકારણીઓની પક્ષીય સંકુચિતતા અને અપરિપક્વતા હતી. દેવયાની ખોબ્રાગડેના મુદ્દે બધા પક્ષોએ એક સ્વરમાં વિરોધ પ્રદર્શિત કરીને એક સમયસરનું પગલું ભર્યું છે, જે રાષ્ટ્રીય અસ્મિતાનો પડઘો પાડે છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ભોળાભાઈ પટેલ બીબીએ કોલેજ દ્વારા ત્રિ-દિવસીય 'આઈના' ડિસ્કવર યોર ઈનર સેલ્ફ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો થીમ માતૃ દેવો ભવઃ પર યોજવામાં આવેલ છે. ડિબેટ, બિઝનેશ લેટર, કેસ સ્ટડીઝ, એંડમેડ શાં વગેરે જેવી ૩૦ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આજરોજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ. પટેલે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

રાજય કક્ષાની લોન ટેનિસ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૭

રમત ગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજીત ખેલ મહાકુંભમાં લોન ટેનિસ સ્પર્ધા સચિવાલય જીમખાના સે-૨૧ ખાતે યોજવામાં આવી હતી. જેમાં વિજેતા થયેલ ખેલાડીઓ રાજયકક્ષાએ ભાગ લેશે.

ખેલ મહાકુંભ અંતર્ગત ગત તા. ૨૯ નવેમ્બરના રોજ સચિવાલય જીમખાના ખાતે વિવિધ વય જૂથની છોકરા છોકરીઓની લોનટેનિસ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં કુલ ૯૮ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અંડર-૧૨માં વરુણ ધંધુકિયા, જૈમિન ઠક્કર, કુશલ, અન્ડર-૧૬માં શ્રેય દરજી, કપિલ પરમાર, ૧૬ વર્ષની ઉપરમાં રાજેશ ઠક્કર જેઓ સતત ત્રણ વર્ષથી વિજેતા થાય છે. સચિન દેસાઈ, યશ ઠાકર, ઝેનકાટ, સમીર ઘાંચી, ૪૫ વર્ષ ઉપરમાં અતુલ બક્ષી શિરીષ સુતરિયા, અનુપ હરરે, હરિશ અસનાની, ૬૦ વર્ષ ઉપરમાં અરુણકુમાર સુતરિયા, અરવિંદ ક્રિશ્ચિયન, એન.પી. મહેતા, જે.કે. ગઢિયા ભાઈઓમાં રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે જયારે બહેનોમાં અંડર-૧૨માં દિયા ચૌહાણ, હેત્વી ચૌધરી, અંડર-૧૬મા વૈદેહી ચૌધરી, ઋત્વી ચૌધરી, અનિષ્કા, દિવ્યા ભારદ્વાજ, દેવાંશી પટેલ અને ૧૬ વર્ષથી ઉપરમાં નોરીન અન્સારી, મંજુ ભારદ્વાજ, નિલમ રાવ, સોનલ પટેલ, રીટા ગોપલાણી, રાજય કક્ષાની સ્પર્ધામાં અમદાવાદ ખાતે ભાગ લેશે. તમામ ખેલાડીઓએ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ગાંધીનગરનું ગૌરવ વધારવા બદલ અભિનંદન મેળવ્યા છે.

ચૌધરી કન્યા વિદ્યાલયમાં સ્ટ્રેસ મેનેજમેન્ટ કાર્યક્રમ યોજાયો

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે તા. ૧૬-૧૭ ડિસેમ્બરના રોજ સ્ટ્રેસ મેનેજમેન્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્પર્ધાત્મક જીવનમાં વિદ્યાર્થીઓ તણાવ અનુભવતા હોય છે. જેના કારણે વિદ્યાર્થીઓ હતાશામાં ઘેરાઈ જાય છે. વિદ્યાર્થીઓ તણાવ અનુભવે નહિ તે માટે ચૌધરી કન્યા વિદ્યાલયમાં સ્ટ્રેસ મેનેજમેન્ટ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં અરવિંદભાઈ રાણા અને મહેન્દ્રભાઈ ગાંધીએ વિદ્યાર્થીઓને તણાવ, ડિપ્રેશન, અનિદ્રા, ક્રોધ, ઉન્માદથી બચવા અને સુખ શાંતિ માટેની માહિતી આપવામાં આવી હતી.

હરિની દૃષ્ટિ...

ભંગારની લારી લઇ આખો દિવસ ખોટો ધક્કા ભગાડો છો, સરકારના એડવાઇઝર થઇ જાવ મોટી કમાણી થશે...!!

જે.એમ. પટેલ વિદ્યામંદિર રાંધેજા ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લાના રાંધેજા ખાતે આવેલી જે.એસ. પટેલ વિદ્યામંદિરમાં સરદાર પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યક્રમ અંતર્ગત નિબંધ, ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં સરદાર પટેલના નિર્વાણ દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ત્યારે રાંધેજા ખાતે આવેલ વિદ્યાલય ખાતે નિબંધ, ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિબંધ સ્પર્ધામાં ૫૫, ચિત્ર સ્પર્ધામાં-૧૫ અને વક્તૃત્વ સ્પર્ધામાં ૩૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા.

'શ્રી નવીન મ્યુનિસિપલ ઈલેક્શન' નાટક જિલ્લાના ગામડામાં રજુ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં વસતા કલા રસિકો માટે ગાંધીનગર જિલ્લાના નાટ્ય પ્રેમીઓના લાભાર્થે આજથી વિના મૂલ્યે ગીત સંગીત અને નૃત્યથી મઢેલુ નાટક 'શ્રી નવીન મ્યુનિસિપલ ઈલેકશન'નો પ્રથમ પ્રયોગ જિલ્લાના જામળા ખાતે રજુ કરવામાં આવશે.

રાજ કોમ્યુનિકેશન રાજુ શુકલ દિગ્દર્શીત, નિર્મિત 'શ્રી નવીન મ્યુનિસિપલ ઈલેકશન' નાટક બનાવવામાં આવ્યું છે. નાટક રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી જૂની રંગભૂમિ યોજના હેઠળ નિર્માણ કરવામાં આવ્યું છે.

નાટક રંગભૂમિના પ્રતિષ્ઠિત લેખક ડાહ્યાભાઈ ધોળશાજી અને ગુજરાતી રંગભૂમિના પીઢ કલાકાર કુનાલ દ્વારા અને દિગ્દર્શન રાજુ શુકલ દ્વારા કરવામાં આવ્યું છે. નાટકમાં અભિનય ક્ષેત્રે ગાંધીનગરનું નામ રોશન કરનાર કલાકારો દ્વારા ભજવવામાં આવશે. નવીન મ્યુનિસિપલ ઈલેકશન નાટક તા. ૧૮ ડિસેમ્બરથી ૪થી જાન્યુઆરી દરમ્યાન, જામળા, સોજા, વાઘોસણા, આમજા, રૂપાલ, અમરાપુર, સરઢવ, ખોરજ, ગાંધીનગર અને સુઘડ ખાતે ક્રમશઃ ગાંધીનગર શહેર અને જિલ્લાની જાહેર જનતા માટે યોજવામાં આવનાર છે. નાટકોનો લાભ જિલ્લાની જનતા વિનામૂલ્યે લઈ શકશે.

નાટકમાં કલ્ચરલ સ્કૂલ ઓફ એકિંટંગના કલાકારો સીમા લાડ, આદિતી ત્રિવેદી, રોઝલીન વિક્ટર, વિભા ઠક્કર, નાલંદા દવે, મોહિત બત્રા, ભાવેશ વાયડા, કૌશિક ગાંધી, નિહાર દવે, જીગર પંડ્યા, દિલીપ પટેલ સહિતના કલાકારો દ્વારા ભજવવામાં આવશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

વિશ્વ વિકલાંગ નિમિત્તે લાયોનસ ક્લબ દ્વારા ગઈકાલે સે. ૨૮ સમર્પણ મુક-બધિર શાળા ખાતે બાળકોને વિવિધ ગેમ રમાડવામાં આવી. તેમજ પુસ્તકો, નોટ ચોપડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયોનસ પ્રમુખ આરતી ભટ્ટ, પૂર્વ પ્રમુખ શોભાબેન શાહ, નીતીકાબેન શાહ તેમજ વૈશાલીબેન જોશી, જ્યોતિબેન પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે બાળકો સાથે જમણવારનું આયોજન કિન્નાબેન જાની તરફથી રાખવામાં આવ્યું હતું.

જીવાત્માને માત્ર કર્મ કરવાનો અધિકાર મળ્યો છે, ફળ આપવાની પરમસત્તા તો પરમાત્માએ પોતાના હાથમાં રાખી છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

કતુરિજ્ઞયા પ્રાપ્યતે ફલં કર્મ કિ પરં, કર્મ તજ્જડ્મ ॥

- ઉપદેશ- સાર, મંત્ર-૧

'ઈશ્વરની આજ્ઞાથી જ કર્મફળની પ્રાપ્તિ થાય છે. ફળ પ્રાપ્તિ કરવામાં શું કર્મ અંતિમ કારણ છે?' ના. ના કર્મ તો જડ છે'

- અનુવાદ તદુપાનંદજીનો

ભારત ઋષિમુનિઓનો, સંતોનો, મહંતોનો દેશ છે. જ્ઞાનનું પ્રથમ કિરણ અહીં જ પ્રગટ્યું હતું. વેદ તથા શ્રુતિમાં જ્ઞાન કર્મ તથા ઉપાસના અંગે જે વિચારણા થઈ છે તેનો અવિરત પ્રવાહ આજદિન સુધી સતત ચાલતો રહ્યો છે. શ્રી રમણ મહર્ષિ કૃત 'અપદેશ સારા' એ અર્વાચીન ઉપનીષદ છે. ચોપન વર્ષની મૌન સાધના પછી મહર્ષિને જે આત્માનુભૂતિ થઈ તે વ્યકત કરતો આ ગ્રંથ છે. અવ્યકત અનુભુતિએ સાકાર શબ્દ દેહ અહીં ધારણ કર્યો છે. ઉપનિષદોની જેમ આ ગ્રંથ પણ પ્રશ્નોત્તર રૂપે છે જયાં મહર્ષિ પોતાના મનને પ્રશ્ન કરે છે ને સ્વયં ઉત્તર આપે છે. તેમાં વ્યકત થતા સંકેતો શ્રુતિઓ સાથે સામ્યતા ધરાવે છે. પરંતુ જયારે તેઓશ્રીના કંઠેથી આ મંત્રો સર્યા ત્યારે તેઓને શાસ્ત્રનું કોઈ જ્ઞાન નહતું. એટલે આ તો તેઓશ્રીના આત્મ જ્ઞાનનો પ્રતિ ઘોષ છે. આ ગ્રંથમાં અદ્વૈત સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. મૂળ ગ્રંથ તો મહર્ષિની માતૃભાષામાં તામિલ છે પછીથી સ્વયં તેઓએ સંસ્કૃતમાં ઉતાર્યો છે. વેદોમાં છે તેમ આ ગ્રંથમાં પ્રથમ કર્મકાંડ છે. કર્મની ચર્ચા છે અને અંતમાં જ્ઞાનકાંડ છે. વચ્ચે ઉપાસના તથા ભક્તિનો નિર્દેશ છે સુખ પ્રાપ્તિ માટે માનવીએ કરેલા પ્રયત્નો અને તેની અવળી દિશા અંગે સંકેત કરવામાં આવ્યો છે. સ્વામીશ્રી તદ્રુપાનંદજીએ આ ગ્રંથ પર ભાષ્ય કરેલ છે તેનું સંપાદન ગુજરાતી ભાષામાં થયેલ છે. તેના આધાર પર આ નોંધ લખી છે.

ઉપદેશ સાર, ગ્રંથનો આ પ્રથમ મંત્ર છે. તેમાં મહર્ષિ એક વિચારણીય પ્રશ્ન રજૂ કરે છે કર્મ કિ પરં? કર્મ- ફળ- પ્રદાન કરવામાં શું સ્વતંત્ર છે? આ તમામ સંકેતો માત્ર 'કર્મ કિ પરં' એક વાક્યર્ધમાં સમાવિષ્ટ થયા છે પ્રશ્નનો ઉત્તર તો તેઓ પોતેજ આપે છે પણ સાધકોને માટે અંગુલિ નિર્દેશ છે કે જ્ઞાન માટે મનને પ્રશ્ન કરો. મન સાથે વાર્તાલાપ કરો. તમામ જ્ઞાનેન્દ્રિયોને મનમાં સંક્રાત કરો તો પ્રશ્નના તમામ પાસા સ્પષ્ટ થશે. 'સ્વ'ના સંશોધન માટે આ સર્વોત્તમ ઉપાય છે. મહર્ષિ સ્પષ્ટ જણાવે છે કે કર્મ નહીં પણ કર્તાની આજ્ઞાથી જ કર્મ ફળ આપે છે. કર્તુઃ શબ્દ સૃષ્ટિના સર્જક માટે પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. તેથી કર્તા કોણ તેવો પ્રશ્ન ન ઉદ્‌ભવે પણ માણસો પોતાને કર્મના કર્તા માને છે. કર્તા ભાવ સેવવાથી અહંકાર થાય છે. વ્યક્તિ વિચાર નથી કરતી કે આ સમગ્ર સૃષ્ટિનું સર્જન તો કોઈ અન્યે કર્યું છે. જેમાં પોતે સ્વયં નિર્મિત નથી ત્યાં તે કર્મનો કર્તા કેમ થઈ શકે? જયાં સ્વયં અન્યાશ્રીત છે ત્યાં તેને કર્મ કરવાની કેટલી સ્વાતંત્રતા છે? ઈશ્વર જ જગતનિયંતા છે. સૃષ્ટિના તમામ નિયમોનો નિયામક પણ પરમાત્મા છે. માટે પરમાત્માને જ કર્મનો ફળદાતા માનવો પડે.

જો વ્યક્તિને કર્મનો કર્તા માનીએ તો દરેક વ્યક્તિ ઈષ્ટકર્મો તથા ઈષ્ટ ફળ પ્રાપ્તિનો આગ્રહ રાખે. કોઈને પોતાના કર્મનું ફળ પ્રતિકૂળ મળે તે ગમે નહીં. પણ આપણે તો જોઈએ છીએ કે કર્મના ફળ ઈષ્ટ- અનિષ્ટ અને પ્રતિકૂળ પણ આવે છે. ધારણા કરતાં તદ્દન વિપરિત ફળ મળે તેવી સંભાવનાઓ પણ હોય છે. શ્રીમદ્ ભાગવદ ગીતામાં પણ સ્વયં ભગવાન કહે છે. 'તારજ કર્મ કરવામાંજ અધિકાર છે. ફળ પ્રાપ્તિમાં નહીં' જીવાત્માને માત્ર કર્મ કરવાનો અધિકાર મળ્યો છે. ફળ આપવાની પરમ સત્તાતો પરમાત્માએ પોતાના હાથમાં રાખી છે. આ દૃષ્ટિએ વિચારીએ તો કર્મના કર્તા પરમાત્માને મામવા પડે પણ આપણે તો કર્મ ને જ ફળદાતા માનીએ છીએ.

મહર્ષિ સ્પષ્ટ જણાવે છે કે, કર્મ તો માત્ર ક્રિયા છે. કર્મ સ્વયં જડ છે જે કર્તા છે તેના કરતાં ભિન્ન અલગ રાતે તમે કર્મની કલ્પના ના કરી શકો. કર્તા ચેતન જીવાત્મા છે એનાથી જે ક્રિયા થાય છે તે કર્મ ગણાય. કર્તા ચૈતન્ય છે કર્તા ચૈતન્ય છે ક્રિયા જડ. તેથી તે કઈ રીતે સર્વશ્રેષ્ઠ હોઈ શકે? વળી કર્મ જડ હોવાથી તેનામાં ફળ પ્રદાન કરવાની સ્વતંત્રતા કે કોઈ સ્વાધિનતા નથી. કર્મ કર્તાના સહારે થાય છે કર્મ માટે કંઈ ઈષ્ટ અનિષ્ટ. અનુકૂળ-પ્રતિકૂળ નથી. પુન્ય અને પાપના ભાવ કર્તાના મનના હોય છે. ક્રિયાને આવા ખ્યાલ કદિ ન હોય તે અતિ સ્વાભાવિક છે. જો કર્મમાં અનિષ્ટતાનું જ્ઞાન હોય તો તેવા કર્મો ન જ થાય. ફળની પસંદગીમાં પણ કર્મનું કોઈ સ્થાન નથી. વળી, શ્રુતિ વચન છે કે કર્મો વેદેથી નક્કી થાય છે. અને વેદ તો પરમાત્માથી ઉત્પન્ન થયા છે તેથી કર્મો પણ ઈશ્વર રચિત જ છે તેમ માનવું પડે. કર્મ પરમેશ્વરથી પર નથી.

વળી કર્મો તો સમય દેશ-પદાર્થ કે વસ્તુથી બાધ હોય છે. તેથી શક્તિ મર્યાદિત છે તે ફળ પેદા કરે તેમ માનીએ તો પણ તેના ફળો દેશ કાળ થી બદ્ધજ રહેવાના. જે પોતે નાશવંત છે તે અવિનાશી ફળ કેમ આપી શકે? કર્મ એ પરમ સત્ય નથી. વળી સકામ કર્મ તો પતનનો સાગર છે એ પરમ ગતિના અવરોધ પણ બને છે. આમ છતાં માણસ કર્મનો ત્યાગ કરી શકતો નથી. જન્મથી મૃત્યુ પર્યંતએચ્છિક કે અનૈચ્છિક કર્મો અટકાવી શકાતા નથી. ગીતામાં પણ સ્પષ્ટતા છે કે માણસ ક્ષણભર કર્મ કર્યા વિના રહી શકતો નથી. કર્મ ફળનો ત્યાગ કરવાની ઈચ્છા કરવી તે પણ અતિ મુશ્કેલ બાબત છે. ન તો કર્મનો ત્યાગ કરી શકીએ છીએ ન તો ફળ પ્રાપ્તિની અપેક્ષા છોડી શકીએ છીએ. મનુષ્ય દરેક ક્રિયા નવા નવા કર્મોને જન્મ આપે છે ને આમ કર્મનો મહાસાગર- હિમાલય જેવા પર્વતો ખડકયા છે. જો કોઈ એવું માનતું હોય કે કર્મનું ફળ મળવાથી કર્મ શાંત થઈ જશે તો તે અધુરું જ્ઞાન છે જે તે કર્મ તેના ફળ પ્રદાનથી ભલે શાંત થતું હોય પણ કર્મફળ વળી નવા નવા કર્મોને જન્મ આપે છે. માનો કે તમારા કર્મનું ફળ સુખદાયક. ઈષ્ટ ફળ આપે છે તો આપણને તેવા કર્મો કરવામાં રાગ વધશે. વારંવાર તેવા કર્મો કરવાથી ઈચ્છા થશે ને વધારે કર્મો સંપન્ન થશે. અને માનો કે કર્મનું ફળ વિપરિત દુખદાયક આવ્યું તો તેવી પરિસ્થિતિમાંથી મુક્ત થવા મન નવા નવા કર્મો શોધશે. વધારે કઠોર કર્મ કરશું ને વળઈ પાછા વધારે બંધાશું. વળી કર્મના પળ ભોગવવા માટે પણ ભોગ કર્મ તો થવાનું જ. પરિણામે કર્મ આપણો કેડો છોડતું નથી. દરેક ક્રિયા મિથ્યા તત્વની પ્રાપ્તિ કરાવે છે. ને પરિણામે માનવી અધઃપતન પામે છે. એવી પણ માન્યતા છે કે સત્કર્મ કરવાથી આપણો ઉધ્ધાર થશે ને એ કર્મો આપણને તારશે... તો આ માન્યતા પણ ભ્રામક છે. સત્ કર્મથી સુખ ભોગવવાની વાસનાના વૃદ્ધિ થાય છે. ને અંતે આવાગમનના માર્ગે લઈ જાય છે. તો શું આ કર્મના ગહન માર્ગેથી છૂટવા કોઈ ઉપાય નથી. મહર્ષિ આગળના એક સૂત્રમાં જણાવે છે તેમ નિષ્કામ ભાવે કરાતાં કર્મો જો ચિત્તથી શુદ્ધિ કરે તો તેવા કર્મો મુક્તિ અપાવી શકે. કર્મનો કાયદો સૌને સમાન રીતે લાગુ પડે છે. ભગવાને પણ ગીતાજીમાં અનાશક્ત ભાવે, ફળના જરા પણ અપેક્ષા રાખ્યા વિના કર્મ કરવાનું જણાવ્યું છે. કર્મનો ત્યાગ તો શકય નથી માટે કર્મ-ફળનો ભાગ કરવો તે માટે જરૂરી ચિત્ત શુદ્ધિ કેળવવી તે એક માર્ગ છે. ગીતાજીના ભક્તિયોગના બારમા અધ્યાયમાં પણ ભગવાન કર્મ-બંધન માંથી છુટવાના સરળ માર્ગ બતાવે છે. તમારા નિયત કર્મો પરમાત્મા પ્રાર્થના કરો. પરમાત્માના ચરણે કર્મ ધરો. 'ન મમ' નો ભાગ રાખો તો જે કર્મફળ મળશે. તે પ્રસાદ રૂપે સ્વીકારવું. મંદિરમાં મળતા પ્રસાદમાં પણ આપણે વધ ઘટ કે ઈષ્ટ. અનિષ્ટની ચર્ચા નથી કરતા. નમ્રભાવે જળથી માંડી લાડુ સુધીનો પ્રસાદ નિર્મોહી થઈ લઈએ છીએ. વાદ કાંડ નથી કરતાં તેમ કર્મોને પરમાત્માના ચરણો ધરી દઈ આ જે કર્મો કરું છું તે આપના ચરણે નમ્રભાવે ધરું છું. તેવો ભાવ રાખતાં કર્મનું ફળ મળે છે અને ફળ ભોગવવા છતાં એ કર્મો બંધન રૂપ નથી થતાં કર્મથી છૂટકારો મેળવવાનો કોઈ અન્ય માર્ગ નથી. ઈશ ઉપનિષદમાં કહ્યું છે કે, કર્મ કરતાં કરતાં સૌ વર્ષ જીવવું તે જ માર્ગ છે. કર્મની ગતિ અતિ ગહન છે તે ક્યારેય સમજાતી નથી.